ISSN: 2319-202X

# શિક્ષણ પ્રક્રિયામાં વૈવિધ્ય અને સકારાત્મક અભિગમ માટે નવાચાર

**ડો. સુરેશ મકવાણા**
સહાયક પ્રાધ્યાપક, ક્ષેત્રિય શિક્ષા સંસ્થાન,ભોપાલ
મો. 9826815720 ઈમેઈલ:skmakwana74@gmail.com

એક સુખદ અને શ્રેષ્ઠ ભવિષ્યની કલ્પના આપણા વિકાસક્રમને સૂચવી દે છે,અને ત્યાંથી જ ઉગવા માંડે છે એક અદ્રશ્ય જ્ઞાનની જિજ્ઞાસાનાં બીજ. શિક્ષણ અને કેળવણીના સંદર્ભમાં જોઇએ તો એ છે નવ્ય વિચારનું સર્જન. નૂતન કાર્યનું બીજરોપણ...જેને આજની શિક્ષણ ધારામાં ઇનોવેટિવ અર્થાત નવાચાર કહી શકાય. માનવ ઈતિહાસની અવિરામ યાત્રામાં કેટલીય નવી શોધો, નવી ટેક્નોલૉજી અને નવા નવા આવિષ્કારો થઈ ચૂક્યા છે. નવા વિચારો અને ચિંતન દ્વારા નવા દ્રષ્ટિકોણ ઊઘડે છે. જીવન હોય કે શિક્ષણ નવીન પ્રયુક્તિઓથી આપણે પોતાને જીવંત અને સક્રીય રાખી શકીએ છીએ. આધુનિક શિક્ષણ નવાચારને પ્રાધાન્ય આપે છે. જો આપણે હજી એજ પારંપરિત અને ઉબાઉ પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરીશું તો તે નીરસ અને અર્થવિહીન થઈ રહેશે, જે શિક્ષણ વ્યવસ્થા અને ભાવિ પેઢી માટે જોખમી પુરવાર થશે.

–હવે પ્રશ્ન એ થાય કે નવાચાર કહેવાય કોને?

– શું ગમે તેવું નવીન સર્જન નવાચાર કહી શકાય?

–નવાચાર માટેના કોઈ માપદંડો છે?

જો હા, તો વર્તમાનમાં થતાં ઢગલાબંધ નવાચારોને એ રીતે મૂલવવાની વ્યવસ્થા છે? અને ના તો એવા નૂતન આવિષ્કારોને કઈ રીતે નૂતન માનવા.

આ બધા પ્રશ્નોનો ઉચિત ઉત્તર અપેક્ષિત છે. ઉદા.કોઈ ફિલ્મીધૂન કે સિરિયલના સંવાદો લઈ બાળગીત,સ્કિટ અથવા નાટક કરી લેવા એ નવાચાર છે? પોતાના જ વર્ગની સહભ્યાસિક પ્રવૃતિઓ ફરીથી કરવી એ નવાચાર છે? વિદ્યાલયીન કોઈ બંધ પડેલી ગતિવિધિઓ ફરીથી શરૂ કરવી એ નવાચાર છે?કબ્બડ્ડી કે ધમાલગોટ જેવી રમતો રમાડવી, શરૂ કરવી નવાચાર છે?આવા પ્રશ્નોનો ઉત્તર આપ સમજી શકો છો–જે નામાં જ હોય. તો પછી નવાચાર કહીશું કોને? આ લેખમાં આપણે નવાચારને માનક હોય તેવા બિંદુઓની ચર્ચા કરીશું. જે શિક્ષકો અને નવીન શોધકર્તાઓને દિશા નિર્દેશ આપી શકે, કારણકે આજે ગુજરાતમાં હજારોની સંખ્યામાં શિક્ષકો અને શોધ કર્તાઓ ભિન્ન ભિન્ન વિષયોમાં નવાચારનું સર્જન કરી રહ્યા છે. જેનું સંકલન જીસીઆરટી અને આઈઆઇએમ,

અમદાવાદ કરે છે. નવાચારોનું ડોક્યુમેંટેસન કરવાનું હોય ત્યારે તેની ગુણવત્તા જળવાઈ રહે એ મહત્વનું છે. કોઈ પણ નવાચાર ભાવિ પેઢી માટે ત્યારે જ પ્રેરણારૂપ બને જ્યારે એમાં મૌલિક રીતે રચનાત્મક નૂતન ચિંતન અને ઉચ્ચ જ્ઞાન સર્જનનો અવકાશ હોય.

**નવાચાર માટેના માપદંડ :**

**1. વિષયની ભૂમિકા–**

નવાચાર વિષેની વાત, જેમાં વિષય, ક્ષેત્ર, પ્રવૃતિઓ અને નવ્ય વિચારો વિષે સંક્ષિપ્તમાં લખ્યું હોય. સમગ્ર નવાચાર વિષે સારાંશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય. મહત્વના સિદ્ધાંતની વાત કરી હોય.કોઈ નૂતન અભિગમ વિષે વિચાર કર્યો હોય. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કેવી રીતે ઉપયોગી બનશે એની વિગત આપેલી હોય. ટૂંકમાં સમગ્ર નવાચાર વિશે પ્રસ્તાવનામાં જ ખબર પડી જાય એ રીતે ભૂમિકા બાંધવી જોઈએ.

**2. વિષયનાસંદર્ભેનવીનઅભિગમ–**

- નૂતન ચિંતનની વાત હોય.
- પહેલી વાર શરૂઆત કરેલી હોય
- પરંપરાથી ચાલી રહેલ શિક્ષણ પ્રક્રિયાથી ભિન્ન હોય.
- સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી શિક્ષણ પ્રક્રિયાથી પ્રભાવિત હોય પણ વિશિષ્ટ હોય.

**3. વિષયક્ષેત્ર–**

કોઈ પણ નવચારના ચોક્કસ વિષય ક્ષેત્રો હોય છે. ભાષા, સામાજિક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને શૈક્ષણિક ટેક્નોલૉજી સહિત અનેક સામાજિક, આર્થિક અને અન્ય વિષયો આધારિત હોય. અન્ય સહાભ્યાસિક પ્રવૃત્તિ, વર્ગખંડ વ્યવસ્થાપન, મૂલ્યાંકન, શાળા અ શાળા બહારનું શૈક્ષણિક ભાવાવરણ,વ્યક્તિત્વ વિકાસ,મૂલ્ય શિક્ષણ,શૈક્ષણિક ટેક્નોલોજી તથા વહીવટી નિયમન જેવા વિષયોમાં નવાચાર કરી શકાઈ આ સિવાય ના અન્ય વિષયો પણ લઈ શકાય.

**4. શૈક્ષણિક નિષ્પત્તિ સાથે અનુબંધ –**

- શૈક્ષણિક નિષ્પત્તિના અનુબંધ અંતર્ગત અવલોકનક્ષમ હોય,વિશેષ અનુક્રમ અનુસાર નિર્ધારિત કરેલ હોય.
- શિક્ષણ પ્રક્રિયાના ઓછામાં ઓછા એક હેતુ તથા શિક્ષણ નિષ્પત્તિને અનુરૂપ હોય.
- વિદ્યાર્થીઓમાં વધારેમાં વધારે ચિંતન અને વિચારને પ્રેરક હોય.
- વિદ્યાર્થીઓમાં વિષય અંગે જિજ્ઞાસાવૃત્તિ અને તર્ક ઉત્પન્ન કરનાર હોય.

**5. પ્રાયોગિક રીતે ઉપયોગિતા–**

- કોઈપણ સ્થળ અને શાળાના સંદર્ભમાં  ઉપયોગ કરી શકાય.
- એકથી બીજી જગ્યાએ  પ્રાયોગિક રીતે ઉપયોગમાં લેવા શક્ય હોય.
- જે વિષય માટે નવાચાર હોય એ સિવાય પણ  સાથે સાંકળી શકાય.
- જો જરૂરિયાત હોય તો વારંઘડીએ વપરાશમાં લઈ શકાય.

**6. સમવાયકૃત શિક્ષણ –**

નવાચાર એવા હોય કે જે દરેક પરિસ્થિતિમાં ઉપયોગ લઈ શકાય તથા સામાજિક રીતે વંચિત અને તથા આર્થિક રીતે નબળા અને શીખવામાં પાછળ હોય તેવા વિદ્યાર્થીઓને પણ મદદરૂપ થઈ શકે તેવા  હોય, સાથે સાથે શારીરિક અને બૌધિક રીતે વિશિષ્ટ બાળકોને, કન્યાઓને અને લઘુમતી વિદ્યાર્થોને સમજમાં આવે એવા  હોય એ અપેક્ષિત છે.

**7. આર્થિક વ્યયશીલતા–**

કોઈ પણ નવાચાર વાસ્તવિક રીતે ઓછા ખર્ચમાં બની શકે તેવો હોય. શાળામાં ઉપલબ્ધ સંસાધનો દ્વારા તેનું સર્જન થાય એ જોવું રહ્યું. લોકલ અને સાંસ્કૃતિક  પરિવેશમાં જે સાધન–સામગ્રી મળી રહે તેનો મહતમ વપરાશ થવો જોઇયે. ઘણી વાર નકામી અને બિનજરૂરી  વસ્તુઓ દ્વારા પણ બનાવી શકાય તે આવશ્યક  છે.

**8. પ્રવૃતિલક્ષી અને સહભાગિતા પ્રેરક –**

નવાચાર એવો હોવો જોઇયે કે એમાં બધા જ બાળકોની ભાગીદારી થતી હોય. સાથે સાથે તેઓ આનંદપૂર્વક અને ખુશી ખુશી એમાં સંકળાઈ શકતાં હોવા જોઇયે. દરેક બાળકને ભાગ લેવા પ્રેરિત કરનારો હોય. કારણકે સહુની સહભાગિતા થવાથી શિક્ષણ પેડાગોજી રોચક બની  અને ગુણવત્તા યુક્ત થઈ શકશે.

**9. નવસિદ્ધાંતો તથા કાર્યપ્રણાલીને પ્રબોધક–**

કોઈ પણ નવાચાર નૂતન દ્રષ્ટિકોણ અને **સિદ્ધાં**તોને પ્રસ્થાપિત કરતો હોવો જોઇયે. સાથે સાથે નવી ટેક્નોલૉજીને સંકલિત કરી વર્તમાન પરિવેશમાં ઉપયોગી કરનાર હોય એ જરૂરી છે. શીખવા અને શીખવવામાં  જાતે જ કરીને જ્ઞાન વર્ધન કરી શકાય એના પર જોર આપ્યું હોય. અધ્યયન પ્રક્રિયાને આ મુજબ સ્પર્શે છે.

- સ્વ– અધ્યયનને પ્રેરિતકરે
- સહકારયુક્ત અને સમુહમાં શીખવાની વૃત્તિ સામેલ હોય.
- નવાચારમાં તપાસ અને નિરીક્ષણને અવકાશ હોય.
- સમસ્યા નિવારણ અને નૂતન વિચાર  સૂચક નચાચાર હોય.

- જેમાં પ્રોજેકટ સાથેની કાર્યપ્રણાલી નિર્દેશિત કરેલી હોય.

**10. આઈ. સી. ટી.સંકલિત શિક્ષણ–**

આજે બધા જ ક્ષેત્રમાં સાઈબર ટેક્નોલૉજી અને વૈજ્ઞાનિક નવાચાર પેઠ કરી ગયા છે. શિક્ષણ ક્ષેત્ર પણ એમાં આવી જાય છે. સ્માર્ટ ક્લાસ આજે દરેક વિદ્યાલયમાં હોય છે. ત્યારે એમાં નિત નવીન નવાચાર થવાને ખૂબ અવકાશ રહેલો છે. આ સંદર્ભમાં નવાચારને આ રીતે જોઈ શકીએ.

- શિક્ષણ પદ્ધતિઓમાં આઇસીટી સંકલિત અભિગમ હોય.
- અધ્યયન –અધ્યાપન પ્રક્રિયામાં ઈન્ટરનેટનો પ્રયોગ
- સ્માર્ટ બોર્ડ,સ્માર્ટ ક્લાસરૂમ,મોબાઈલ અને મલ્ટી મીડિયાનો ઉપયોગ

આમ, એક મહત્વપૂર્ણ વિષયના સંબંધમાં ચોક્કસ સંકલ્પના, દિશા નિર્દેશ અને સૈદ્ધાંતિક સોપાનોજાણવા આવશ્યક છે. પદ્ધતિસર કરેલ કોઈ પણ નવાચાર પ્રભાવશાળી રીતે શિક્ષણ પ્રક્રિયાને મદદ કરી શકે છે. ઉપરોક્ત બિંદુઓને ધ્યાનમાં લઈ કરેલ નવાચાર સાર્થક નીવડે છે. છેવટે કોઈ પણ નવાચાર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજને જ ઉપયોગી થવાના છે, ત્યારે તેમાં ગુણવત્તા સાથેનું નવીન સર્જન થાય એ અભિપ્રેત છે. જે માનવ નિર્માણમાં અને શિક્ષણ વ્યવસ્થામાં નૂતનતાનો સંચાર કરી શકે.


## શિક્ષણ દર્શન ના લેખકો માટે

**શિક્ષણ દર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X)** માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (**Shruti**) ફોન્ટમાં ટાઈપ કરી નીચેના સરનામે મોકલો. (લેખની સોફ્ટ કોપી Dr. Jignesh B. Patel ને **jig_har@yahoo.com** પર ઈ-મેલ કરો.)

## પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી

૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની-
મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪
rgkothari@gmail.com